વર્ષ ૨૦૧૯-૨૦ના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલ (PAR)નાં વિવિધ તબક્કાઓની કામગીરી "સાથી" અંતર્ગત ઓનલાઈન હાથ **ધરવા બાબતની સામાન્ય સુચનાઓ**

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્ર.ખહલ/૧૦૨૦૨૦/૧/ઈ.૩
સચિવાલય,ગાંધીનગર
તા.૨૦/૦૬/૨૦૨૦

વંચાણે લીધા: (૧) સા.વ.વિ.નો તા.૩૧-૩-૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક: ખહલ-૧૦-૨૦૧૮-૮૦૭૯૨-ક

(૨) વિભાગનો તા.૧૨/૧૦/૧૮ નો પરિપત્ર ક્ર: પરચ/૧૧/૨૦૧૭/PAR-CCA(3)/ઈ.૩

(૩) સા.વ.વિ.નો તા.૧૧-૫-૨૦૨૦ ના પરિપત્ર ક્રમાંક: ખહલ-૧૦૨૦૨૦-૨૪૯-ક

પરિપત્ર:

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ક્રમ.(૧) ના ઠરાવ તથા ક્રમ.(૩) ના પરિપત્રથી તેમજ વિભાગના વંચાણે લીધેલ ક્રમ.(૨) પરિપત્રથી બહાર પાડવામાં આવેલ સૂચનાઓ અનુસંધાને વર્ષ ૨૦૧૯-૨૦ ના કામગીરી મૂલ્યાંકન અહેવાલ (PAR) અંગેની નીચે મુજબની સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૧. વર્ષ ૨૦૧૮-૧૯ થી વર્ગ-૨ નાં તાંત્રિક સંવર્ગનાં તમામ અધિકારીઓના PAR ની કામગીરી "સાથી" સોફ્ટવેર અંતર્ગત ઓનલાઈન કરવા માટે કેડર કંટ્રોલિંગ ઓથોરિટી C.C.A-1 તરીકે ખાતાનાં વડા તથા વર્તુળ કચેરીના કચેરી અધિક્ષક (OS) ની નિમણૂક C.C.A-2 તરીકે કરવામાં આવેલ છે. આથી વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડાની કચેરીએ સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ક્રમ.(૩)ના પરિપત્રની સુચના અનુસાર વર્ષ ૨૦૧૯-૨૦ કામગીરી મૂલ્યાંકન અહેવાલના વિવિધ તબક્કાઓ સમયમર્યાદામાં પૂર્ણ કરવાના રહેશે.

૨. વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડાની કચેરીએ તેઓની વર્તુળ કચેરી હસ્તક ફરજ બજાવતા સર્વે વર્ગ-૨ સંવર્ગના ના.કા.ઈ./મ.ઈ. અધિકારીશ્રીઓના વર્ષ ૨૦૧૯-૨૦ સમયગાળાના Generate કરેલ કામગીરી મૂલ્યાંકન અહેવાલ (PAR)ની વિગતો અધિક્ષક ઈજનેરશ્રી કે વર્તુળ કચેરીના વડા દ્વારા પ્રમાણિત કરી અત્રે **તાત્કાલિક** મોકલી આપવાની રહેશે.

૩. જો કોઈ અધિકારી/કર્મચારીની બઢતી કે બદલી થયેલ હોય તો તેઓના કામગીરી મૂલ્યાંકન અહેવાલ ઓનલાઈન કરાવતા પહેલા HRMS CELLના પરામર્શમાં તેઓની બઢતી કે બદલીના હુકમની નકલ આપી હોદ્દો અને કચેરી સુધારી લેવાનો રહેશે અને સદરહુ કામગીરી કર્યા બાદ સંબંધિત કચેરી અધિક્ષકે HRMS CELL પાસેથી રૂબરૂ, ઈ-મેઈલ(hrmsppm@gmail.com) કે ટપાલ દ્વારા તેઓની વર્તુળ કચેરીના CCA Maintain કરી વિના વિલંબે PAR જનરેટ કરવાના રહેશે.

૪. ઉક્ત સુચનાઓ બાબતે કોઈ મુશ્કેલી હોય તો સાથી હેલ્પ ડેસ્ક નંબર ૦૭૯-૨૩૨-૫૫૮૨૪/૨૭ પર સંપર્ક કરી જરૂરી માર્ગદર્શન મેળવી શકાશે તદઉપરાંત વહીવટી મુદ્દે જરૂર જણાય તો વિભાગની ઈ-3 શાખાના ફોન નં.૦૭૯-૨૩૨-૫૫૮૭૨ પર તથા E-mail ID: so-e3-rnb@gujarat.gov.in પર સંપર્ક કરી શકાશે.

( જી.બી.ઝાલા )

ઉપસચિવ

માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

- સર્વે મુખ્ય ઇજનેરશ્રી અને અ.સ.શ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર. સંબંધિત વર્તુળ કચેરીઓમાં ઈ-મેઈલ/ફેક્સથી જાણ કરવા સારૂ
- સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ (રાજ્ય/ પંચાયત).
- સંયુક્ત નિયામકશ્રી, ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા,વડોદરા
- મુખ્ય ઇજનેરશ્રી, પી.આઇ.યુ.(હેલ્થ), પી.આઇ.યુ./આર.ડી.ડી./એન.એચ.એમ. બિલ્ડીંગ, ચોથો માળ, સીવીલ હોસ્પિટલ કેમ્પસ, સેક્ટર-૧૨, ગાંધીનગર.
- વહીવટી સંચાલકશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી., નિર્માણ ભવન, ગાંધીનગર.
- અધીક્ષક ઇજનેરશ્રી, સ્ટેટ હાઇવે ડેવલપમેન્ટ પ્રોજેક્ટ સેલ, નિર્માણ ભવન, ગાંધીનગર.
- અધીક્ષક ઇજનેરશ્રી(વિદ્યુત), મા.મ. વર્તુળ, નિર્માણ ભવન, ગાંધીનગર.
- મુખ્ય સ્થપતિ અને નગર નિયોજકશ્રી, નિર્માણભવન, ગાંધીનગર.
- સે.અ.શ્રી. ઇ ,ઇ-૨,,ઈ-૪ , ફ અને ફ-૧ શાખા,મા.મ.વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- વેબ ઇન્ચાર્જશ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૦.